# એ.એમ.ટી.એસ. ના સને ૨૦૨૪-૨૫ ના બજેટ અંગેની અખબારીયાદી

એ.એમ.ટી.એસ.ની અખબારી યાદીમાં જણાવવામાં આવે છે કે, તા.૩૦-૦૧-૨૦૨૪ ના રોજ ૨૦૨૪-૨૫ ના નાણાંકીય વર્ષનું **"અંદાજપત્ર-બી"** રજુ કરવામાં આવ્યું જેના મુખ્ય અંશો નીચે મુજબના છે.

➢ **સને ૨૦૨૪-૨૫ ના બજેટ વર્ષ દરમ્યાન ફલીટ તથા ઓનરોડ બસોની સંખ્યાની વિગત :-**

**(ડીઝલ બસો નાબુદ)**

| વિગત | | **ઓ એન્ડ એમ બસો** | **ખાનગી બસ સંચાલકની બસો** | **કુલ સરેરાશ બસો** |
|---|---|---|---|---|
| ફલીટ | ૧-૪-૨૦૨૪ થી ૩૧-૩-૨૦૨૫ | ૧૨૫ | ૯૨૭ | ૧૦૫૨ |
| ઓનરોડ બસ | ૧-૪-૨૦૨૪ થી ૩૧-૩-૨૦૨૫ | ૧૨૫ | ૮૯૫ | ૧૦૨૦ |

(જાહેર તહેવારો તથા દર રવિવારે પ્રવાસીઓની ઓછી સંખ્યાને અનુલક્ષીને ઓછી બસો રોડ પર સંચાલનમાં રહેનાર છે.)

➢ **રેવન્યુ બજેટ તથા કેપીટલ બજેટ સહિતનું કુલ બજેટ : (રૂપિયા કરોડમાં)**

| **બજેટ હેડ** | **વર્ષ ૨૦૨૩-૨૪** | **વર્ષ ૨૦૨૪-૨૫** |
|---|---|---|
| **રેવન્યુ બજેટ** | **૫૫૯.૫૦** | **૬૩૫.૦૦** |
| **કેપીટલ બજેટ** | **૭.૫૦** | **૬.૫૦** |
| **કુલ બજેટ** | **૫૬૭.૦૦** | **૬૪૧.૫૦** |
| **કુલ આવક** | **૧૬૩.૫૦** | **૨૨૭.૦૦** |
| **અ.મ્યુ.કોર્પોરેશનની લોન** | **૩૯૮.૦૦** | **૪૧૦.૦૦** |
| **પગાર, પેન્શન અને અન્ય એસ્ટાબ્લીસમેન્ટ ખર્ચ** | **૩૧૯.૫૦** | **૩૩૫.૦૦** |

- **બજેટ વર્ષ ૨૦૨૪-૨૫ નું આયોજન :**

૧. સને ૨૦૨૪-૨૫ ના બજેટ વર્ષ દરમ્યાન બસોના ફલીટ સામે સામાન્ય દિવસોમાં જાહેર રજાઓ સિવાય કુલ ૧૦૫૨ બસોના ફલીટ સામે ૧૦૨૦ બસો રોડ પર સંચાલનમાં મુકવાનું આયોજન છે.

૨. મેમનગર ડીપો(7400 Sq.Mt.), અખબારનગર(5700 Sq.Mt.) અને આર.ટી.ઓ.(10,000 Sq.Mt.) ખાતે **મલ્ટીમોડલ ટ્રાન્સપોર્ટ હબ** એએમટીએસ / બીઆરટીએસ / મેટ્રો કનેકટીવીટી માટે તૈયાર કરવાનું આયોજન છે.

૩. વધુ આવક ધરાવતા રૂટો ઉપર વધુ પ્રવાસીઓને એક સાથે મુસાફરી માટે ઈલેકટ્રીક ડબલ ડેકકર એ.સી. બસ પ્રથમ તબકકામાં ૦૭ (સાત) બસો ૧૫ માં નાણાંપંચની ગ્રાન્ટ માંથી લેવાનું આયોજન છે.

૪. ડેડ કિ.મી. ઓછા કરવા માટે દરેક ઝોનમાંથી જરૂરી પ્લોટ મેળવીને ડીપો / ટર્મિનસ તૈયાર કરવાનું આયોજન છે.

૫. દરેક ટર્મિનસો ઉપર પ્રવાસીઓને આવનાર બસોની જાણકારી માટે P.I.S. મુકવાનું આયોજન છે.

૬. પ્રવાસીઓનો બસ પ્રવાસ દરમ્યાન સમયનો ઓછો વપરાશ થાય તે હેતુથી આવનાર મીડી સીએનજી એ.સી. બસો દ્વારા પોઈન્ટ ટુ પોઈન્ટ સર્વિસ આપવાનું આયોજન છે.

૭. પ્રવાસીઓને બસ રૂટોની માહિતી આપવા દરેક ડેકોરેટીવ સ્ટેન્ડો, ટર્મિનસો ઉપર QR કોડ મુકવામાં આવશે. જેથી પ્રવાસીઓને રૂટની માહિતી મળી શકે.

૮. શહેરમાં ટ્રાફીક કંજેશન ઓછુ કરવાં શહેરની ફરતે જી.એસ.આર.ટી.સી.ની બસોમાં આવતા અને શહેરમાંથી બહાર જતા પ્રવાસીઓ માટે એ.એમ.ટી.એસ./ બી.આર.ટી.એસ.ની બસો દ્વારા પ્રવાસીઓને જે તે વિસ્તારમાં પહોંચાડવા ફિઝીબીલીટી સ્ટડી કરી જરૂરી પ્લોટ મેળવવાની કાર્યવાહી કરી **બસ પોર્ટ** ઉભા કરવાનું આયોજન છે.

૯. મુખ્ય મંત્રી શહેરી બસ પરિવહન સુવિધા (Chief Minister Urban Bus Service- CMUBS) અન્વયે, રાજય સરકારશ્રી દ્વારા પ્રતિ કીલોમીટર ઘટ ના ૫૦% ની ગણતરી મુજબ મહત્તમ પ્રતિ કિ.મી. રૂા.૧૨.૫૦ ની મર્યાદામાં કુલ રૂા.૬૭.૦૦ કરોડનું અનુદાન (ગ્રાન્ટ) મળનાર છે. તા.૨૨-૮-૨૦૨૩ સુધી રૂા.૧૨.૫૦ પ્રતિ કિ.મી. તથા ત્યારબાદ મહત્તમ પ્રતિ કિ.મી. રૂા.૧૮.૦૦ ઘટ ના ૬૦% સુધીની મર્યાદામાં વર્ષ ૨૦૨૪-૨૫ દરમ્યાન અંદાજીત રૂા.૧૨૦ કરોડનું અનુદાન (ગ્રાન્ટ) મળનાર છે.જેની જમાખર્ચી અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા કરવામાં આવે છે.

૧૦. બજેટ વર્ષ દરમ્યાન રાજય સરકારની યોજના મુજબ શ્રમયોગી કલ્યાણ બોર્ડમાં રજીસ્ટર હોય તેવા શ્રમિકોને વિના મુલ્યે કોઈપણ, રૂટમાં કોઈપણ સ્થળે, કોઈપણ બસમાં મુસાફરીની સવલત મળી રહે તે માટે મહત્તમ શ્રમિક પાસ આપવાનું આયોજન છે.

૧૧. બજેટ વર્ષ દરમ્યાન મ્યુ.કાઉન્સીલરશ્રી, એમ.એલ.એશ્રી તથા એમ.પી.શ્રીની ગ્રાંટમાંથી વધુ ૩૦૦ મીની ડેકોરેટીવ શેલ્ટર તૈયાર કરવાનું આયોજન છે.

૧૨. વીજીલન્સ ટીમ દ્વારા સરપ્રાઈસ ચેકીંગ કરીને, ઓપરેશનલ સ્ટાફ દ્વારા નિયમિતપણે ચેકીંગ કરીને તથા જરૂરિયાત મુજબ વહીવટી સ્ટાફ / ઓફીસરશ્રીઓ દ્વારા પણ ચેકીંગ ગોઠવીને બસોની નિયમિતતાની સાથે સાથે પ્રવાસી આવકમાં પણ વધારો થાય તે અનુસારનું આયોજન છે.

૧૩. સંસ્થામાં સંચાલીત બસોનું સેફટી ઓડીટ કરાવવાનું આયોજન છે.

**જાહેર જનતા માટે મુસાફરીની આપવામાં આવતી સવલતો :**

- **સ્પેશ્યલ વર્ધી :** જાહેર જનતાને સારા-નરસા પ્રસંગોએ સ્પેશ્યલ વર્ધીના દરે બસ સુવિધા આપવામાં આવે છે.
- સ્પેશ્યલ બસ વર્ધીમાં પ્રથમ બે કલાકનું ભાડુ રૂા.૨,૦૦૦/-, ત્યારબાદ દર ૩૦ મિનિટ કે તેના ભાગરૂપે રૂા.૫૦૦/- તથા બસ વર્ધી એડવાન્સની રકમ રૂા.૨,૦૦૦/- નો અમલ ચાલુ રાખવામાં આવેલ છે.
- **બસ કન્સેશન :** શાળા-કોલેજમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓને ગમે તેટલી વખત, ગમે તે રૂટમાં, ગમે તે સમયે જવા-આવવા માટે કન્સેશન પાસ આપવામાં આવે છે. પ્રજ્ઞાચક્ષુઓને તદ્દન ફ્રી પાસ, મૂક બધિર માટે ટીકીટ ભાડાના ૫૦%, શારીરિક અક્ષમતા ધરાવતા માટે મીનીમમ દરની ટીકીટ તથા મંદબુદ્ધિવાળા વિદ્યાર્થીઓ તથા તેમના વાલી (એસ્કોર્ટ તરીકે)ને શાળાએ આવવા-જવા માટે ફ્રી પાસ આપવામાં આવે છે.
- **સીનીયર સીટીઝન પાસ યોજના :** ૬૫ વર્ષ કે તેથી વધુ ઉંમરના નાગરિકોને તદ્દન ફ્રી પાસ આપવામાં આવે છે.
- **માસિક - ત્રિમાસિક પાસ યોજના :** નોકરીયાત વર્ગ, ધંધાર્થી તથા બસમાં રોજીંદા પ્રવાસ કરતાં પ્રવાસીઓને માસિક પાસમાં ૧૫ દિવસનું ભાડુ, ત્રિમાસીક પાસમાં ૪૫ દિવસનું ભાડુ ચાર્જ કરી, માસિક - ત્રિમાસિક પાસની સગવડતા આપવામાં આવે છે.
- **મનપસંદ ટીકીટ યોજનાઓ :**

(૧) પુખ્તવયના નાગરિકો માટે રૂા.૪૫/- ના દરથી તથા બાળકો માટે રૂા.૧૦/- ના દરથી ગમે તે રૂટમાં, ગમે તેટલી વખત મુસાફરી કરવાની મનપસંદ ટીકીટ યોજનનો હાલમાં લાભ આપવામાં આવી રહેલ છે.

(૨) પુખ્ત વયની મહિલાઓ માટે હાલમાં રૂા.૨૦/- ના દરથી ગમે તે રૂટમાં, ગમે તેટલી વખત મુસાફરી કરવાની મહિલા મનપસંદ ટીકીટ યોજનાનો લાભ આપવામાં આવે છે.

(૩) રૂા.૧૦૦૦/- ના દરથી મનપસંદ માસિક પાસ તથા રૂા.૨૫૦૦/- ના દરથી મનપસંદ ત્રિમાસિક પાસની યોજનાનો લાભ આપવામાં આવે છે, જેમાં દિવસ દરમ્યાન ગમે તે રૂટની ગમે તે બસમાં ગમે તેટલી વખત મુસાફરી કરી શકાય છે.

(૪) શાળા-કોલેજમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ શૈક્ષણિક સત્ર દરમ્યાન પ્રતિમાસ રૂા.૪૦૦/- તથા વિદ્યાર્થીનીઓને પ્રતિમાસ રૂા.૩૫૦/- ના દરથી પ્રતિ ટર્મ મુજબ "વિદ્યાર્થી કન્સેશન પાસ" કઢાવી, દિવસ દરમ્યાન ગમે તે રૂટમાં, ગમે તેટલી વખત, ગમે તે સમયે મુસાફરી કરી શકે છે.

**અ.મ્યુ.ટ્રા.સ. દ્વારા પ્રકાશિત**